દાદાની ઉંમરના પ્રૌઢે ૧૧ વર્ષની બાળા સાથે ચાલુ બસે અડપલા કર્યા...!!

અમદાવાદ-ગાંધીનગર રૂટની બસમાં બાળા સાથે શારિરીક અડપલા થતા રડવા લાગી હતી : બસને સીધી પોલીસ સ્ટેશન લઈ જવાઈ : પ્રૌઢ શખ્સની ધરપકડ

ગાંધીનગર, તા.૧૨

એસ.ટી. બસમાં સવાર પ્રૌઢ મુસાફરે આજે તેમની પૌત્રીની ઉંમરની એટલે કે માત્ર ૧૧ વર્ષની બાળા પર નજર બગાડીને પાછળની સીટમાં બેઠા બેઠા તેણીની સાથે શારિરીક અડપલા શરુ કરી દીધા હોવાનો ઘૃણાસ્પદ અને ચોંકાવી ઉઠે તેવો કિસ્સો આજે ચાલુ બસે બનવા પામ્યો હતો. ગાંધીનગર-અમદાવાદ રૂટની એસ.ટી. બસમાં ગોધરાના પ્રૌઢ મુસાફરે તેની ઉંમર તથા સંસ્કાર નેવે મુકીને બાળા સાથે અડપલા કરતાં બાળા રડવા લાગી હતી. બાળાએ તેણીની માતાને તે સંબંધે વાત કરતાં ડ્રાઈવરને પ્રૌઢ મુસાફરના હિન કૃત્ય અંગે જાણ કરવામાં આવી હતી. જેથી ડ્રાઈવરે એસ.ટી. બસ સીધી પોલીસ સ્ટેશન લઈ લીધી હતી. બાળાની માતાની ફરિયાદને આધારે અડાલજ પોલીસે પ્રૌઢ શખ્સ વિરૂધ્ધ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી લીધી છે.

મળતી મહિતી મુજબ અમદાવાદના નહેરુનગર વિસ્તારમાં રહેતી માતા તેની ૧૧ વર્ષની દિકરીને લઈને ગીતા મંદિરથી ગાંધીનગર આવવા એસ.ટી. બસમાં બેઠી હતી. અમદાવાદ-ગાંધીનગર રૂટની આ બસમાં તેમની પાછળની સીટમાં ગોધરામાં દવાની ફેકટરીમાં નોકરી કરતાં અને ગોધરાથી ગાંધીનગર ફુડ એન્ડ ડ્રગ્સની કચેરીમાં કોઈ કામથી આવતા ૫૩ વર્ષીય પ્રૌઢ અનિલભાઈ કાશીભાઈ પટેલ બેઠા હતાં. અમદાવાદ ગીતા મંદિરથી ઉપડેલી બસ અડધે પહોંચી ત્યારે નહેરુનગરથી આવેલી માતાની ૧૧વર્ષીય દિકરી રડવા લાગી હતી. માતાએ તેણીને રડવાનું કારણ પુછતાં બાળાએ રુંવાડા ઉભા કરી નાંખે તેવું કારણ આપ્યું હતું. બાળાની પાછળની સીટમાં બારી પાસે બેસેલા દાદાની ઉંમરના અનિલભાઈએ બાળા સાથે શારીરિક અડપલા શરુ કરી દેતા દુઃખાવો શરુ થઈ ગયો હતો અને તેની પીડાને લીધે તે રડવા લાગી હતી. ઘૃણાસ્પદ કિસ્સા અંગે ડ્રાઈવરને જાણ કરાતાં ડ્રાઈવર એસ.ટી. બસ અડાલજ પોલીસ સ્ટેશન લઈ ગયા હતાં. અને બાળાની માતાએ આપેલી ફરિયાદને આધારે પ્રૌઢ અનિલભાઈ વિરૂધ્ધ બાળા સાથે શારિરીક અડપલા સંદર્ભે ગુનો દાખલ કરી તે શખ્સની ધરપકડ કરી પી.એસ.આઈ. સોલંકીએ વધુ તપાસ શરુ કરી છે.

શહેરમાં ફરતી શટલીયા રીક્ષાઓ પર આજે ટ્રાફિક પોલીસે તવાઈ બોલાવી હતી. જેમાં શહેરના ઘ-૫ વિસ્તારમાં ટ્રાફિક પી.આઈ. વાય.આર. ગામીત તેમજ સ્ટાફના માણસોએ વધુ પેસેન્જર બેસાડીને હેરાફેરી કરતા શટલીયા રીક્ષા ચાલકોને પકડી રીક્ષાઓ ડીટેઈન કરી હતી. (તસવીર : નિકેશ બારોટ)

સે. ૨૧ પોલીસ સ્ટેશનમાં લોક દરબાર યોજી ગુનાખોરીની સમીક્ષા કરાઈ

ટ્રાફિક સિગ્નલ મુકવા, રિક્ષા સ્ટેન્ડ ઉભા કરવા, વી.આઈ.પી. બંદોબસ્ત માટે અલગ વ્યવસ્થા ઉભી કરવા અગ્રણી આગેવાનોએ સૂચન કર્યા

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં બનતા ગુનાઓને નિયંત્રિત કરવા તથા ગુનાખોરીની સમીક્ષા કરવા સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પોલીસ વડા દ્વારા લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરની જાણીતી સ્વૈચ્છિક સંસ્થા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અગ્રણી આગેવાનોએ જરૂરી માર્ગદર્શનો સુચવ્યા હતા.

શહેરમાં દિન-પ્રતિદિન વધતાજતાં અઘટીત બનાવો માર્ગ સલામતીના પ્રશ્નો, ઘરફોડ ચોરી, મહિલા સુરક્ષાના પ્રશ્નોની ચર્ચા અને રજુઆતના ભાગરૂપે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશન વિસ્તારનો લોક દરબાર જિલ્લા પોલીસ વડાની અધ્યક્ષસ્થાને યોજાયો હતો. જેમાં તમામ ધર્મના પ્રતિનિધિઓ, શામાજીક સંસ્થાના પ્રતિનિધિઓ, વેપારી મંડળ, સહિત ગાંધીનગરના ધારાસભ્ય અશોક પટેલ ઉપરાંત સેક્ટર-૨૧ પી.આઈ. એસ.ડી. પટેલ તેમજ ડી.વાય.એસ.પી. જાડેજા સહિત અન્ય અધિકારીઓ હાજર રહ્યા હતા.

આ બેઠકમાં જિલ્લા પોલીસવડાએ લોકોને જાનમાલની રક્ષા માટે ફલેટો તેમજ સોસાયટીમાં ચોકીદાર રાખવા, બહારગામ જતી વખતે ઘરમાં કિંમતી ચીજવસ્તુ ન રાખવી અને પોલીસને જાણ કરવી. લાઈસન્સ વગર બાળકોને વાહન ચલાવવા દેવાઈ રહ્યા છે. તે બંધ કરવા તેમજ ચેઈન સ્નેચીંગના બનાવો અટકાવવા માટે મહિલાઓએ ગળે દુપટ્ટો બાંધી રક્ષણાત્મક કાળજી લેવી તેમ જણાવ્યું હતું. વધુમાં સ્વૈચ્છીક સંસ્થાઓએ પણ રચનાત્મક સૂચનો કર્યા હતા. જેમાં વી.આઈ.પી. માટે બંદોબસ્ત માટે અલગ વ્યવસ્થા ઉભી કરવી.

માર્ગ સલામતી માટે ટ્રાફિક સિગ્નલ મુકવા, શાળા કોલેજની આસપાસ ફરતા ટપોરીયાઓને કાબુમાં રાખવા, રીક્ષા સ્ટેન્ડોની વ્યવસ્થા ઉભી કરવા તેમજ ટ્રાફીકના પ્રશ્ને વધુ ગંભીર થવાના સૂચનો કર્યા હતા. આ બેઠકમાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, ભરત દિક્ષિત, સીતારામ પટેલ, વેપારી મંડળના કાળુભાઈ પટેલ, ધારાસભ્ય અશોક પટેલ, નિશિત વ્યાસ, ડેપ્યુટી મેયર યુસુફ પરમાર સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાને લઈ ૧૫મીથી હેલ્પલાઈન શરૂ કરાશે

બોર્ડની હેલ્પલાઈન દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓની મુંઝવણ દૂર કરાશે

ગાંધીનગર, તા. ૧૨

ધો. ૧૦અને ૧૨ની આગામી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સલાહ આપવા તા. ૧૫ ફેબ્રુઆરીથી હેલ્પલાઈન શરૂ કરવામાં આવશે. આ હેલ્પલાઈનના માધ્યમથી વિદ્યાર્થીઓ અને વાલીઓને મુંઝવતા પ્રશ્નો સંદર્ભે જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે.

પરીક્ષાની મૌશમ નજીકમાં છે. આગામી માસે એપ્રિલમાં લેવાનારી બોર્ડની પરીક્ષાને લઈ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જરૂરી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાર્થીઓને કોઈપણ પ્રકારની મુંઝવણ ન અનુભવવી પડે તે માટે પૂર્વ આયોજન કરી દેવાયું છે. શિક્ષણ બોર્ડના અધિકારી બી.કે. પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યુ ંહતું કે આગામી મહિનામાં યોજાનારી ધો. ૧૦ અને ધો. ૧૨ વિજ્ઞાનપ્રવાહ તેમજ સામાન્ય પ્રવાહની પરીક્ષાને લઈ બોર્ડ દ્વારા આમ હેલ્પલાઈન શરૂ કરવામાં આવનાર છે. વિદ્યાર્થીઓ અને વાલીઓને યોગ્ય માર્ગદર્શન તેમજ સલાહ આપવા માટે બોર્ડ દ્વારા આગામી ૧૫ ફેબ્રુઆરીથી ૮ એપ્રિલ દરમ્યાન આ હેલ્પલાઈન કાર્યરત રાખવામાં આવશે. આ હેલ્પલાઈનના માધ્યમથી બોર્ડના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને મુંઝવતા પ્રશ્નો અને સમસ્યાઓ અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાંઆવશે. બોર્ડદ્વારા ૧૮૦૦૨૩૩૫૫૦૦ ટોલ ફ્રી નંબર પર સંપર્ક કરવા પણ જણાવાયું છે.

સે. ૨૪ ખાતે શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આજ રોજ ગાંધીનગર મહાનગર પાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા સ્વામી વિવેકાનંદ શાળા સેક્ટર-૨૪ ખાતે બાળકોની આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ યોજાઈ ગયો. સ્વામી વિવેકાનંદ શાળા સેક્ટર-૨૪માં સ્લમ વિસ્તારના રહિશો માટે વરદાન સમાન બની રહેલ છે. શાળામાં ધોરણ-૧ થી ૧૦ સુધી અને કે.જી.નો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

સ્વામી વિવેકાનંદ શાળા ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તર વિધાનસભા સીટના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, મહાનગરપાલિકા ગાંધીનગરનાં કમિશનર શ્રી લલીત પાડલિયા, સ્થાનિક કોર્પોરેટરશ્રી, ઈન્ડિયન મેડિકલ એસોસીએશન ગાંધીનગર બ્રાન્ચનાં પ્રમુખશ્રી ડૉ. અનિલ ચૌહાણ તેમજ શાળાના પદાધિકારીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમ સાથે ધોરણ-૧૦માં ભણતાં વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ પણ રાખવામાં આવેલ હતો. જેને સેક્ટર-૨૪ અર્બન હેલ્થ સેન્ટરનાં કર્મચારીઓ વતી ભેટ આપી ભાવિ અંગે શુભેચ્છા આપેલ હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન શાળાના ટ્રસ્ટી અને ભાજપના અગ્રણી શ્રી સંજીવભાઈ મહેતાએ કરેલ હતું. જેમણે શાળામાં થતાં વિવિધ સમાજોપયોગી કાર્યક્રમની જાળકારી પણ આપી હતી. સદર કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ દ્વારા વિદ્યાર્થીઓને આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. તથા તમામ વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસણી પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે કાઉન્સીલરો શ્રી સુરેશ મહેતા, શ્રીમતિ પ્રવિણાબેન દરજી અને શ્રી સંદીપ જ્યોતિકર સહિત સેક્ટરના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળા આરોગ્યના આ કાર્યક્રમમાં શાળાના ૧૫ જેટલા બાળકો સોપારીનું વ્યસન ધરાવતા હોવાનું જણાવ્યું હતું.

પેથાપુર વોર્ડ નં. ૭માં ભાજપના હમીદાબેન પઠાણનો ઐતિહાસિક વિજય

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના વોર્ડ નંબર-૭ના ઉમેદવાર હમીદાબેન મુસ્તુફાખાન પઠાણનો તાજેતરની નગરપાલિકાની ચૂંટણીમાં ભવ્ય વિજય થયો છે. જેને ગ્રામજનોએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

રાજયની ૭૪ નગરપાલિકાઓના પરિણામો આજે જાહેર થયા હતા. જેમાં ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામના વોર્ડ નં. ૭માં ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણીમાં ઊભા રહેલા હમીદાબેન મુસ્તુફાખાન પઠાણને ગ્રામજનોનો સારો સહકાર મળ્યો હતો અને નગરના દરેક મત તેમના તરફ પડતા તેમણે ભવ્ય વિજય મેળવી ભગવો લહેરાવ્યો હતો. તેમણે તમામ મતદારોનો આભાર માન્યો છે. પેથાપુર ભાજપ સંગઠન પ્રમુખ દિલીપસિંહ વાઘેલા, પૂર્વ નગરપાલિકા પ્રમુખ રણજીતસિંહ વાઘેલા, નગરપાલિકા સભ્ય જીતેન્દ્રસિંહ વાઘેલા, રાજેન્દ્રસિંહ વાઘેલા, ભાજપ લઘુમતિ મોરચાના હનીફભાઈ રાઠોડ, ઈસ્માઈલખાન પઠાણ, ઐયુબખાન શેખ, ઈકબાલખાન પઠાણ વગેરેને વોર્ડ નં. ૭માં ભાજપને વિજય અપાવવા બદલ અભિનંદન પાઠવ્યા છે. કસબા તેમજ વોર્ડ-૭ના તમામ વિસ્તારમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. વિજયી હમીદાબેન અને ભાજપ કાર્યકર અરવિંદ ઠાકોર, ભરતસિંહ ડાભી, જયદીપ વાઘેલા વગેરેએ પણ મતદારોનો આભાર વ્યક્ત કર્યો છે.

દો. વાસણાથી ગુમ થયેલી યુવતીનો ચાર માસ બાદ પણ કોઈ પત્તો નથી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર નજીક આવેલા દોલારાણા વાસણા ગામમાં રહેતા રમેશભાઈ લાડુજી વણઝારાની ભત્રીજી ૧૯ વર્ષિય પુનમબેન શંકરભાઈ વણઝારા દોલારાણા વાસણા ગામેથી પોતાના ઘરેથી કોઈને કાંઈ કહ્યા વિના ૨૫ ઓક્ટોબરના રોજ ક્યાંય ચાલી ગઈ હતી. તેણીનો આજદિન સુધી પત્તો મળ્યો નથી કે ઘરે પરત પણ ફરી નથી. યુવતી ગુમ થયાને ચાર માસ થવા આવ્યા હોવા છતાં તેણીના ક્યાંયથી સગડ ન મળતા પોલીસ પણ દોડતી થઈ છે. શરીરે મધ્યમ બાંધાની, રંગે ઘઉંવર્ણી યુવતી ગુજરાતી ભાષા જાણે છે અને તેણીએ શરીરે લાલ સાડી પહેરેલી છે. ચિલોડા પોલીસે ગુમ થનાર યુવતીના કાકાની ફરીયાદને આધારે જાણવા જોગ દાખલ કરી તેણીની શોધખોળ હાથ ધરી છે.

શહેરના 'ચ' માર્ગ પર બાઈક-કાર વચ્ચે અકસ્માત

ગાંધીનગર શહેરમાં આજે બપોરના સુમારે 'ચ' માર્ગ પર બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલકને ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો.

શહેરના માર્ગો પર વાહન અકસ્માતોની સંખ્યા દિન પ્રતિદીન વધતી જાય છે. વાહનચાલકો ટ્રાફિક નિયમનનો ભંગ કરી બેફામ ગતિએ વાહનો ચલાવી અકસ્માતો સર્જતા રહે છે. આવો જ એક કિસ્સો આજે બપોરના સુમારે 'ચ' રોડ પર બનવા પામ્યો હતો. જેમાં મળતી માહિતી મુજબ જીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયામાં નોકરી કરતા પી.એલ. ભાભોર પોતાનું બાઈક નં. જીજે-૧૮ એ.પી. ૮૬૯૧ લઈને ચ-૪ થી ચ-૩ તરફ જતા હતા ત્યારે પેટ્રોલ પંપ પાસેના વળાંક પર પાછળથી પૂરપાટ વેગે આવતી કાર નં. જીજે-૧૮-એ.એમ. ૩૬૦૯ના ચાલકે બાઈકને ટકકર મારી અકસ્માત સર્જયો હતો. અકસ્માતમાં બાઈક ચાલક નીચે પટકાતાં ઈજાઓ પહોંચી હતી. ઘટના સ્થળે એકઠા થયેલા લોકોએ બાઈક ચાલક ઈજાગ્રસ્તને ૧૦૮ મારફતે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે મોકલી આપ્યો હતો. (તસવીર : નિકેશ બારોટ)

આઈશ્રી ખોડિયાર મંદિર સે-૫માં માતાજીનો પ્રાગટય દિન ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૫માં આવેલા આઈ શ્રી ખોડિયાર મંદિર ખાતે તા.૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૩ને મહાસુદ આઠમે પ્રતિવર્ષની જેમ આઈશ્રી ખોડિયાર માતાજીનો પ્રાગટય દિન ઉજવાશે. તે અંતર્ગત પ્રસિદ્ધ ભજનીક કીર્તિદાન ગઢવીના કંઠે શકિતવંદના કાર્યક્રમ યોજાશે.

આઈશ્રી ખોડિયાર માતાજીના પ્રાગટય દિન પ્રાંતિજ રાસલોડના કષ્ટભંજન મંદિરના મહંત જય સિયારામબાપુ ખાસ ઉપસ્થિત રહેશે. સવારે ૯ કલાકે આચાર્ય પ્રશાંત શુકલ યજ્ઞનો પ્રારંભ કરશે. યજ્ઞમાં મુખ્ય યજમાન તરીકે આકાશ દેસાઈ હાજર રહેશે. સાંજે ૪ કલાકે શ્રીફળ હોમવામાં આવશે તથા ૬.૩૦ કલાકે મહાઆરતી કરવામાં આવશે. આઈ શ્રી ખોડિયાર માતાજીના પ્રાગટય દિને મુકેશદાન ભૈરવદાન ગઢવી (સાંસદ બનાસકાંઠા)ના અધ્યક્ષસ્થાને અને વી.એસ. ગઢવી અને કાંકરેજના માજી ધારાસભ્ય બાબુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં શકિતવંદના કાર્યક્રમ રાત્રે ૯ કલાકે ટાઉનહોલ સેકટર-૧૭ ગાંધીનગર ખાતે યોજાશે.

શકિતવંદના કાર્યક્રમમાં રાધનપુરના ધારાસભ્ય નાગરજી ઠાકોર રાષ્ટ્રપતિ ચંદ્રક મેળવનાર ફાયર ઓફિસર મહેશ મોડ, અતિથિ વિશેષ તરીકે સમરથદાન ઝૂલા, વીરદાન ગઢવી, દિલીપભાઈ શિલ્ગા, વિષ્ણુદાન ગઢવી, બળવંતસિંહ ગઢવી અને કૈલાસદાન ગઢવી ખાસ ઉપસ્થિત રહેશે. સમગ્ર શકિતવંદના કાર્યક્રમનું સંચાલન ભીખુદાન ગઢવી કરશે.

વીરમાયા રથયાત્રાનું અમદાવાદમાં ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા. ૧૨

વીરમાયા સ્મારક સમિતિ દ્વારા વીરમાયા સ્લાટક સંકુલના બાંધકામના ઉદાર ફાળો પ્રાપ્ત કરવા માટે વીરમાયા રથયાત્રાનું આયોજન કરેલ છે. જે રથયાત્રા પાટણ, પાલનપુર, બનાસકાંઠા જિલ્લા, સાબરકાંઠા, મહેસાણા અને ગાંધીનગરમાં ફરીને અમદાવાદ પહોંચી હતી. અમદાવાદના તમામ વિસ્તારોમાં રથયાત્રાનું ભવ્યાતી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. વીરમાયા સમિતિના ચેરમેન ઝવેરભાઈ ચાવડાની આગેવાની નીચે રથયાત્રાની ટીમ ઘુમી રહી છે. મહામંત્રી ડી.પી. પરમારે જણાવેલ છે.

શ્રી સ્વામીનારાયણ ભગવાનનો મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

યોગીશ્વર શ્રી ગોપાલાનંદ સ્વામીની જયંતિ ૧૮મી ફેબ્રુઆરી ૨૦૧૩ને સોમવારે મહામાસની સુદ અષ્ટમીએ આવશે. યોગીશ્વર શ્રી ગોપાલાનંદ સ્વામીની જયંતિના દિવ્ય અવસરે તા. ૧૪મી ફેબ્રુઆરી-૨૦૧૩થી ૧૮મી ફેબ્રુઆરી-૨૦૧૩ સુધી પાંચ દિવસનો દિવ્ય મહોત્સવ શ્રી સ્વામીનારાયણ મંદિર, સાયન્સ સીટી સામે, સોલા રોડ અમદાવાદ ખાતે ઉજવાશે.

સ્વામીનારાયણ મંદિરમાં પાંચ દિવસના ભવ્ય દિવ્ય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત સમૂહ પારાયણો, નગરયાત્રા, સાંસ્કૃતિક કાર્યક્રમ સંત સમાગમ, કથાવાર્તા, યજ્ઞયાગ વગેરે યોજાશે. પાંચ દિવસનો મહોત્સવ શ્રી સત્ય સંકલ્પદાસ સ્વામી તથા ધર્મભૂષણદાસ સ્વામીના સાનિધ્યમાં ઉજવાશે. આ મંગલકારી અવસરમાં ત્રણ દિવસનો શ્રી હરિયાગ, શ્રી વચનામૃત, શ્રી સત્સંગિજીવન, શ્રી શિક્ષાપત્રી, શ્રી ગોપાળાનંદ સ્વામીની વાતો અને શ્રી અબજીબાપાશ્રીની વાતો એમ પાંચ મહાગ્રંથોનાં સમૂહ પારાયણો તથા નગરયાત્રા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ભવ્ય રીતે યોજાશે. આ દિવ્ય મહોત્સવમાં શ્રી સત્ય સંકલ્પદાસજી સ્વામી, શ્રી ધર્મભૂષણ દાસજી સ્વામી શ્રી પ્રેમસ્વરૂપદાસજી સ્વામી કથા વાર્તાનો અલભ્ય લાભ આપશે. આ દિવ્ય પ્રસંગે કુમકમ શ્રી સ્વામીનારાયણ મંદિરેથી આનંદ પ્રિયદાસજી સ્વામી સંત મંડળ સહિત પધારીને મૂર્તિ પ્રતિષ્ઠા વિધિના દિવ્ય અવસરને દિપાવશે. આ દિવ્ય પ્રતિષ્ઠા વિધીના મહોત્સવના શુભ મંગલ અવસરે સર્વોપરી શ્રીજી મહારાજ તથા યોગીશ્વર શ્રી ગોપાળાનંદ સ્વામી તથા બાપાશ્રી સદ્‌ગુરુઓ તથા સ્વામીબાપાના દિવ્ય દર્શન તથા પ્રસન્નતા પ્રાપ્ત કરવા તથા સંત સમાગમ, કથાવાર્તા, નગરયાત્રા, યજ્ઞયાગ આદિ વિવિધ કાર્યક્રમોનો લાભ લેવા ખાસ જણાવાયું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮

સૂર્યાસ્ત : ૬.૨૭

તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૧૮.૨ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૨૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૩ડી) : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૨ડી) : ૯.૧૫, ૧૨.૧૫, ૯.૧૫

રેસ- ૨ : ૩.૧૫

વિશ્વરૂપમ : ૬.૧૫

: સ્ક્રીન-૩ :

સ્પેશયલ-૨૬ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

સ્પેશ્યલ -૨૬ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

આખા જગથી નિરાલી મારી સાજના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સ્પેશ્યલ-૨૬ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સ્પેશ્યલ -૨૬ : ૧૧.૧૫, ૨.૧૫

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૫.૦૦, ૭.૩૦

વિશ્વરૂપઃ ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૧૦.૪૫, ૧૦.૦૦

વિશ્વરૂપમ : ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦

વિરાગ, કલોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : વાહન સુખ પ્રાપ્તિનો યોગ. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા થઈ શકે છે. વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે.

વૃષભ : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિ થઈ શકે છે. કાર્યમાં મુશ્કેલી આવી શકે છે ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છે. સામાજિક પ્રતિષ્ઠામાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

મિથુન : આવકનાં સ્ત્રોતમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થવાનો યોગ. મિત્રો અને સ્વજનો સાથે ભેટ થશે. યાત્રાથી લાભ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. વ્યવસાયિક યાત્રા લાભ પ્રદ રહેશે. ધાર્મિક મહત્વનાં કાર્યોમાં સમય પસાર થશે.

કર્ક : કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓ ઉકેલાશે. જ્ઞાન, શિક્ષણ સંબંધી સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. અત્યંત ઉપલબ્ધિ કારક સમય છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ.

સિંહ : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં થશે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. રાજકીયક્ષેત્રમાં માન-સન્માનમાં વૃદ્ધિ થશે. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું.

કન્યા : વિશેષ યાત્રાઓ બાદ લંબિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બને છે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : આર્થિક કાર્યો અંગે સામાન્ય હેરાનગતિ થઈ શકે છે. પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : શિક્ષણ સંબંધી કાર્યો અંગે માનસિક બેચેની રહેશે. આર્થિક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યથી વ્યાપાર-વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શક્યતાઓ રહેલી છે.

ધન : વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા. લાભ આપશે. વ્યાપારીક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થશે. આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્તિનો યોગ. નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે.

મકર : રાજકીય સ્ત્રોતોથી ધન પ્રાપ્તિ થઈ શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની સંભાવના છે. કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું.

કુંભ : દૈનિક વ્યાપાર, કૌટુંબિક માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. રોજગાર સંબંધઈ કાર્યોમાં લાભ થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

મીન : ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. માનસિક સંયમનું પાલન કરવું. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા- પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. આર્થિક વિવાદોમાં વિશેષ કાર્ય થશે.

ચિરવિદાય

- સ્વ. ભાઈલાલભાઈ જયરામભાઈ ગેલોથ (ઉ.વ. ૮૨)પ્લોટ નં. ૫૫/૨, સેકટર-૩/એ- ન્યૂ, ગાંધીનગર.
- સ્વ. નિર્મલાબેન મનસુખલાલ બ્રહ્મભટ્ટ (ઉ.વ. ૭૨) એ- ૪૩, શ્રીમંધર સીટી,ત્રિ-મંદિર સંકુલ, અડાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જનકકુમાર ઈશ્વરભાઈ મકવાણા (ઉ.વ. ૩૨)પ્લોટ નં. ૧૨૦/૨, સેકટર-૧૪, ગાંધીનગર.